1. દ્વીતીય વિશ્વયુદ્ધનાં પરિબળો. અથવા

- વિશ્વયુદ્ધના ગમે તે ત્રણ કારણો સમજાવો. દ્વીતીય વિશ્વયુદ્ધ (193945) માટેના કારણો નીચે મુજબ છે. (1) વર્સેલ્સની સંધિ (2) જૂથબંધી (3) સશસ્ત્રીકરણ પાછળ દોટ (4) ઉગ્ર રાષ્ટ્રવાદ (5) રાષ્ટ્રસંઘની અવગણના (6) હિટલરની મહત્વ કાંક્ષા (7) ઓસ્ટ્રિયા પર કબજો (8) ઝેકોસ્લોવેકિયાની હાર (9) પેમલ બંદર પર કબજો
- (1) વર્સેલ્સની સંધિ (1919) : પ્રથમ વિશ્વયુદ્ધને અંતે પેરિસ શાંતિ પંમેલનમાં પરાજિત જર્મની પર મિત્ર રાષ્ટ્રોએ કેટલીક કડક શરત મૂકી. આ શરતોને વર્સેલ્સની સંધિ તરીકે ઓળખવામાં આવે છે. આ સંધિ અનુસાર જર્મનીનું ફરજિયાતપણે નિઃશસ્ત્રીકરણ કરવામાં આવ્યું. રાષ્ટ્રીય અપમાન સમી જોગવાઈઓને લીધે જર્મની શરમજનક સ્થિતિમાં મૂકાયું. હિટલરે જર્મનીની પ્રજાનું માન પરત મેળવવા આવી શરતોનો વિરોધ કરીને તેને ફગાવી દેવા હાકલ કરી ઇટાલી, જાપાન વગેરે દેશોએ પણ આ સંધિનો અસ્વીકાર કરી વિરોધ કર્યો. તેથી આ રાષ્ટ્રો હવે બદલાની ભાવના અને સામ્રાજ્યવાદી મનોદશાથી પીડાવા લાગ્યાં જેમાંથી દ્વિતીય વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો.
- (2) જૂથબંધીઓ : પ્રથમ વિશ્વયુદ્ધ બાદ વિશ્વશાંતિની જાળવણી માટે રાષ્ટ્રસંઘની રચના કરવામાં આવી હતી. તેમ છતાં પણ યુરોપનાં "રાષ્ટ્રોમાં પરસ્પરના અવિશ્વાસ અને ભય ઓછાં થયાં ન હતાં. આથી જ તો જર્મની ઇટાલી, ઝેકોસ્લોવેકિયા, યુગોસ્લાવિયા વગેરે દેશોએ જુદા જુદા દેશોનું નિર્માણ કરતાં તે જૂથબંધીમાં વહેંચાઈ ગયા તેથી બીજા વિશ્વયુદ્ધનાં વાદળો ઘેરાયાં.
- (3) સશસ્ત્રીકરણની દોટ : પરસ્પર સહકાર અને નિઃ શસ્ત્રીકરણની વાતો કરતો રાષ્ટ્રસંઘ નિષ્ફળ જતાં અશાંતિ અવિશ્વાસ અને સશરસીકરણ વધ્યાં, મુસોલિની અને હિટલર બંને ઝડપથી શરસસજ્જ થઈ રહ્યા હતા. તેની સામે ફ્રાન્સ પૉલેન્ડ અને અન્ય રાષ્ટ્રોને પોતાની સલામતી માટે શસ્ત્રસજજ થયા, એશિયામાં જાપાન પણ આવું જ કરી રહ્યું હતું. છેલ્લે ઈંગ્લેન્ડ પણ સશસ્ત્રીકરણની દોડમાં કૂદી પડ્યું.
- (4) ઉગ્ર રાષ્ટ્રવાદ : પ્રથમ વિશ્વયુદ્ધ પછી કેટલાંક રાષ્ટ્રમાં ઉગ્રરાષ્ટ્રવાદનો વિકાસ થયો. તેમાં મુખ્યત્વે પરાજિત જર્મની, અસંતુષ્ટ ઇટાલી અને મહત્ત્વાકાંક્ષી જાપાનો સમાવેશ થયો હતો, આ રાષ્ટ્રો કોઈપણ ભોગે પોતાના રાષ્ટ્રને મહાન બનાવવા ઇચ્છતાં હતો. તે રાષ્ટ્રોના શાસકોએ પોતપોતાની પ્રજામાં રાષ્ટ્રવાદની ભાવના ઉશ્કેરી તેને ઝનૂની સ્વરૂપ આપ્યું. પરિણામે આ યુદ્ધ અનિવાર્ય બની જવા પામ્યું.
- (5) રાષ્ટ્રસંઘની અવગણના વિશ્વશાંતિ માટે સ્થપાયેલ રાષ્ટ્રસંઘની સાથે રહેતાં બળવાન રાષ્ટ્રો વિશ્વમાં શાંતિસલામતીની માત્ર વાતો જ કરતાં. જાપાને ચીનના મંચુરિયા પર આક્રમણ કર્યું (1931). ચીને રાષ્ટ્રસંઘનાં દ્વાર ખખડાવ્યાં. તેનું કોઈ સમાધાન થયું નહી. ઇટાલીના મુસોલિનીએ પણ એબિસિનિયા પર કબજો કર્યો અને રાષ્ટ્રસંઘના સભ્યપદનો ત્યાગ કર્યો. આથી વિશ્વયુદ્ધ માટેનો માર્ગ મોકળો થતો ગયો.
- (6) હિટલરની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષા : હિટલર જર્મનીને યુરોપ નું મહાન અને શક્તિશાળી રાષ્ટ્ર બનાવવા માંગતો હતો. હિટલરે જાપાન, રશિયા, ઈટાલી સાથે સંધિ કરીને પોતાની સામ્રાજ્યવાદી નીતિને આક્રમક બનાવી.
- (7) ઓસ્ટ્રિયા પર કબજો : હિટલરની સામ્રાજ્યવાદી નીતિનું પહેલું શિકાર ઓસ્ટ્રિયા બનતાં હિટલર, પોતાની સેના સાથે વિયેના સુધી પોંચ્યો. થોડા જ સમય માં ઓસ્ટ્રિયા માં જનમત લેવાયો. તેના આધારે ઑસ્ટ્રિયાને જર્મની સાથે ભેળવી દેવામાં આવ્યું. (1938)
- (8) ઝેકોસ્લોવેકિયા પર કબજો : ઝેકોસ્લોવેકિયામાં 32 લાખ જેટલાં જર્મન લોકો વસતા હોવાથી તેનું એક શહેર સુડેટલેન્ડ જર્મનીમાં ભેળવવાનું જાહેર કર્યું. ત્યાંની સરકારે તેનો વિરોધ કર્યો. જર્મનીએ સખત પગલાં લીધાં,

મ્યુનિચ સંમેલનના ઠરાવ પછી આ દિવસે એટલે કે (1લી ઓક્ટોબર 1938) જર્મન સેનાએ ઝેકોસ્લોવેકિયામાં પ્રવેશ કર્યો. સાથે હંગેરીએ રૂમાનિયાનો કબજો લીધો. ફરીવારે હિટલરે ઝેકોસ્લોવેકિયા પર કબજો કરી તેના સ્વાતંત્ર્યનો અંત આણતાં આ યુદ્ધ થવા પામ્યું.

- (9) લિથુઆનિયાના મેમલ બંદર પર કબજો : હિટલરની નજર મેમલ બંદર પર પહેલેથી જ હતી. મેમલ બંદરનો કબજે થાય તો યુરોપના કેટલાક પ્રદેશો પર પોતાની નજર રહે તેથી જ આ બંદર પર તેણે કબજો કર્યો. આ સમયે જ હિટલરના મિત્ર મુસોલિનીએ આલ્બનિયા પર કબજો જમાવી લીધો. (1999)

## 2. દ્રીતીય વિશ્વયુદ્ધના મુખ્ય બનાવો.

- દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન અનેક બનાવો બન્યા આ બનાવોમાં યુધ્ધ , જીત, વાર, સંધીઓ, કરાર, બદલો, મદદ કે વિકાસ જેવી ઘટનાઓના નિમિત્ત બનતા રહ્યા. દ્રીતીય વિશ્વયુદ્ધની ઘટનાઓની હારમાળા જોઈએ તો
- (1) વિશ્વયુદ્ધની શરૂઆત : જર્મન શાસક હિટલરે પોતાની મહત્વકાંક્ષા ઓ ને સંતોષવા ઓસ્ટ્રિયા, ઝેકોસ્લોવાકિયા અને મેમલ બંદરો પર વિવિધ રીતે કજો પ્રાપ્ત કર્યો. ત્યાર બાદ પોલેન્ડની પ્રદેશો સાથે જોડતી પટ્ટીને ઝધડાનું કારણ બનાવીને પોલેન્ડ પર આક્રમણ કર્યું. રશિયાએ પૂર્વ પોલેન્ડમાં લશ્કર ઉતાર્યું. આમ, 1લી સપ્ટેમ્બર, 1939માં રોજ દ્વિતીય વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.
- રશિયાનો બાલ્ટિક રાજ્યો પર અંકુશ : રશિયાએ પોલેન્ડના જીત પછી લિટેવિયા, લિથુઆનિયા તથા ફિલેન્ડ પાસે થી હવાઇ મથકોનો કજો પ્રાપ્ત કર્યો.
- જર્મનીની નોર્વે પર જીત : જર્મનીને નોર્વે માંથી પ્રાપ્ત થતાં શસ્ત્રસામગ્રી, કાચું લોખંડ ન મળતાં ડેનમાર્ક પર આક્રમણ કરી તેનો ઉભો પ્રાપ્ત કર્યો. જર્મનીની સત્તાની મુને ફ્રાન્સ પર ધ્યાન ખેચર્યું. ફ્રાન્સની બેલ્જિયમ તરફની અસુરક્ષિત સરહદ પર આક્રમણ કરી જર્મનસેનાએ ફ્રાંસ માં પ્રવેશ કર્યો. બોંબવર્ષા અને જર્મન ટેક્રોએ ફ્રેન્ચ સેનાને હરાવી, ફ્રાન્સ પર પોતાનો કબજો કર્યો.
- ઇંગ્લેન્ડની અડગતા : જર્મનીએ યુરોપના મોટાભાગના પ્રદેશો પર કબજો કરી લીધો હોવાથી અને એક પણ ક્ષાર જર્મનીને યુરોપના મોટાભાગના પ્રદેશો પર પોતાનો કબજો કરી લીધો. જર્મનીની એક પણ મારે ન થતાં તેનો આત્મવિશ્વાસ વધતો જતો હતો. જમનીને નોર્વેથી માંડીને સ્પેન સુપીનો યુરોપનો સમુદ્રકિનારો તેના હાથમાં લઈ પશ્ચિમ અને મધ્ય યુરોપની સાધનસંપત્તિ પર તેને કબજો સ્થાપ્યો. તેના માર્ગમાં ફક્ત ઈંગ્લેન્ડ અડગ ઊભું હતું. સમગ્ર યુરોપનો હિટલરે હવાઈમાર્ગે બ્રિટેન પર આક્રમણ કર્યું જેને બ્રિટેનની લડાઈ તરીકે ઓળખવામાં આવે છે. પાંચ મહિના સુધી જર્મન વિમાનોએ ઈંગ્લેન્ડની ભૂમિ પર બોમ્બવર્ષ કરી ઇંગ્લેન્ડનો વ્યાપાર, ઉદ્યોગ અને નગરોના કેન્દ્રોને તો ડી નાખ્યાં છતા પક્ષ ઈંગ્લેન્ડ અજય રહ્યું અને જર્મનીનો વિજય શકય બન્યો નહીં. વિશ્વયુદ્ધ જાહેર કર્યું ત્યારે અમેરિકન પ્રજાએ તેમાં તટસ્થ રહેવાનું પસંદ કર્યું. અમેરિકનોની ઈંગ્લેન્ડ પ્રત્યે ખાસ સહાનુભૂતિ હતી. તેથી તે ઈંગ્લેન્ડ અને મિત્રરાષ્ટ્રોને શરદસામગ્રી તથા અનાજ મોકલાવતું.
- હિટલરનું રશિયા પરનું આક્રમણ : ઇંગ્લેન્ડની સેનાએ જર્મન આક્રમણકારોને નિષ્ફળ બનાવતાં હિટલરે બીજો દાવ અજમાવ્યો, તેણે ઈરાન, ઇરાક પર આક્રમણ કરવા માટે રશિયાને લલચાવ્યું. રશિયા હિટલરને પડખે રહીને યુદ્ધમાં સામેલ થયું ન હતું. રશિયાને યુદ્ધમાં સક્રિય ભાગ લેતું કરવા હિટલરે ઇરાન થઈને ભારત સુધી પ્રદેશ વિસ્તાર કરવાની શક્યતાઓ રશિયા સામે મુકી. રશિયાએ તે સ્વીકાર્યું નહીં અને હિટલર અને રશિયાની વચ્ચે ખટરાગ ઊભો થયો. હવે જર્મનીને રશિયા પર કબજો જમાવવાની ઈચ્છા જાગી. તેથી સમગ્ર યુરોપ પર સ્વામિત્વ

પ્રાપ્ત થઈ શકશે તેવું વિચારી જર્મનસે નાએ રશિયા પર આક્રમણ કર્યું. જર્મનસેનાઓ રશિયનસેનાથી હારતાં જર્મનીની પીછેહઠ થતી ગઈ. (1942) જાપાનું મહત્ત્વાકાંથી રાજય હતું.

- જાપાને આ યુદ્ધનો લાભ લઈને એશિયાના અને પેસિફિક મહાસાગર વિસ્તારના કેટલાક પ્રદેશો કબજે ક્યાં હતા. જાપાનને યુદ્ધમાં આગળ વધવા માટે અમેરિકા એક જ નડતું હતું. આથી તેણે અમેરિકાના નૌકામથક અને હવાઈ ટાપુ પર્લ હાર્બર પર બોમ્બમારો કર્યો. (7 ડિસેમ્બર 1941) જેમાં અમેરિકાના 2000 કરતાં પણ વધારે અફસરો તથા સૈનિકો અને અનેક નાનામોટા યુદ્ધજહાજો નાશ પામ્યાં. આથી અમેરિકાએ જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું. ઇંગ્લેન્ડ, નેધરલેન્ડ, ઑસ્ટ્રિયા, ન્યુઝીલેન્ડ, કેનેડાએ પણ જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું. સામે પક્ષે જાપાનમાં મિત્ર જર્મની, ઇટાલી અને રૂમાનિયા વગેરેએ અમેરિકા સામે યુદ્ધ જાહેર કર્યું.
- બીજો તબક્કો અને મિત્ર રાષ્ટ્રોના વિજયની શરૂઆત : અમેરિકા યુદ્ધમાં દાખલ થઈ મિત્ર રાષ્ટ્રની તરફેણમાં યુદ્ધ જાહેર કરી શસ્ત્રોમાં ઝડપી ઉત્પાદન શરૂ કર્યું. મિત્ર રાષ્ટ્રોને અમેરિકાની મદદ મળતાં ઉત્તર આફ્રિકામાં વિજય પ્રાપ્ત થયો (1942). જર્મની અને ઇટાલીની સેનાને હટાવીને ઇજિપ્તમાંથી હાંકી કાઢી. મિત્ર રાષ્ટ્રોની આ સેનાએ સિસલી પણ કબજે કર્યું (1943).
- ઇટાલીની શરણાગતિ અને મુસોલિનીનું પતન : મિત્રરાજયોની સેના ઇટાલીમાં ઉતરી (1943). ઇટાલીની સરકારે તેની સામે  બિનશરતી શરણાગતિ સ્વીકારી અને મિત્રસેનાએ ઇટાલી પરનો તેમનો સંપૂર્ણ વિજય થયો. રશિયામાં જર્મનીનો પરાજય : જર્મનીની એજ દશા રશિયન મોરચે થઈ. મિત્ર રાષ્ટ્રોનાં બોમ્બર વિમાનો જર્મની પર સતત બોમ્બમારો ચલાવી રહ્યાં હતાં, જર્મનો હવે રશિયામાં હારી રહ્યા હતા. રશિયનસેનાએ જર્મનસેનાને હરાવી (ફેબ્રુઆરી, 1943) અને રશિયનસેના પોલેન્ડ પહોંચી રશિયનસેના પોલેન્ડ પહોંચે તે પૂર્વે જ પોલેન્ડવાસીઓએ જર્મનીની ધૂંસરી ફગાવી દીધી.
- જર્મની પર મિત્રસેનાનું આક્રમણ અને હિટલરનો પરાજય : જર્મન આધિપત્યમાંથી ફ્રાન્સને મુક્ત કર્યા પછી મિત્રસેનાએ બેલ્જિયમ, લકઝબર્ગ અને હોલેન્ડમાંથી જર્મનસેનાને હાંકી કાઢી. મિત્રસેનાઓ જર્મનીની સીમાએ પહોંચી ચારેય બાજુથી બર્લિનને ઘેરીને તેને કબજે કર્યું. હિટલર પોતાની પ્રેયસી સાથે આત્મહત્યા કરી નાખી નેતાઓની પણ ધરપકડ કરવામાં આવી. યુરોપને મોરચે આ મહાન યુદ્ધનો અંત આવ્યો (8 મે 1945). પૂર્વીય મોરચા તરફ મિત્રસેનાએ પોતાનું ધ્યાન કેન્દ્રિય કર્યું.
- ભારતની સરહદ પરના મણિપુર, કોહિમો, ઇમ્ફાલ અને અગ્નિ એશિયાના દેશો ફિલિપાઇન્સ, બર્મા, ઇન્ડોનેશિયા વગેરે મિત્રરાષ્ટ્રોની સેનાઓએ જાપાન પાસેથી કબજે કર્યા. મિત્ર રાષ્ટ્રો એ યુધ્ધ બંધ કરવા છેલ્લી અપીલ કરી. જાપાને અપીલનો કોઈ જવાબ ન આપ્યો. મિત્રે રાષ્ટ્રીએ આખેરી પગલું ભર્યું. અને જાપાનના નગર હિરોશીમા પર અમેરિકન વિમાને અણુબોંમ્બ ફેક્યો.
- આ બોમ્બ થી લગભગ 75 હજાર લોકો મૃત્યુ પામ્યા. લાખો માણસો રૌગનો ભોગ બન્યો, જાપાનની સરકારને ફરી શરણે આપવાની અપીલ કરી છતાં જાપાનની સરકારે નમી નહી. તેથી બીજો અણુબોમ્ જાપાનના નાગાસાકી શહેરમાં ફેંકવામાં આવ્યો. નાગાશાકી શહેરનો પૂર્ણતઃ નાશ થયો, 50 હજાર માણસો તત્કાળ, મુત્યુ પામ્યા તેથી જાપાની સરકારે શરણાગતિ સ્વીકારી (15 ઓગષ્ટ 1945) આમ દ્વિતીય વિશ્વયુદ્ધનો કરુણ અંત આવ્યો.

3. દ્રીતીય વિશ્વયુદ્ધમાં જાપાનના વિજયો વર્ણવો.

- એશિયાનો નાનકડો દેશ જાપાન 20મી સદીના પ્રથમ ત્રણ દાયકા સુધી મૂડીવાદી અને વ્યક્તિવાદી વિચારસરણીના પ્રભાવ નીચે હતો. પાશ્ચાત્ય જીવનશૈલીના કારણે દેશની સંપત્તિ અને પ્રગતિ અમુક વિશિષ્ટ વર્ગના હાથમાં રહી. તેણે પોતાની અનુકૂળતા પ્રમાણે દેશની નીતિ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો .
- આમ રાષ્ટ્રમાં આર્થિક અને સામાજિક સ્થિરતા સ્થાપવાના પ્રયત્ન પછી જાપાને લશ્કરવાદને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ શરૂ કરી, પરિણામે રાજકીય, આર્થિક ને લશ્કરી તાકાતમાં વધારો કરી જાપાન વિશ્વમાં પાશ્ચાત્ય મહાસત્તાની હરોળમાં સ્થાન મેળવવામાં સફળ બન્યું. ચીનમાં આવેલો ખનીજ સંપત્તિથી સમૃદ્ધ મંચુરિયાનો પ્રદેશ જાપાનને પોતાના ઔદ્યોગિક વિકાસ માટે અનુકૂળ હતો.
- તેથી સૌથી પહેલાં જાપાને ‘દક્ષિણે મંચુરિયા રેલવે કંપની’ની સ્થાપના કરી. મંચુરિયામાં રેલવે નાખવાની તૈયારી કરી. આ પ્રદેશનો વધારે લાભ મેળવવા જાપાને (1931) મંચુરિયા પર આક્રમણ કરી તેનો સંપૂર્ણ કબજો મેળવ્યો. આગળ જતાં જાપાને મંચુરિયામાં ‘મંગુકુઓ’ નામનું અલગ રાજય બનાવી ત્યાં ‘પૂતળા સરકાર’ ની સ્થાપના કરી. જાપાન મહત્ત્વાકાંક્ષી રાજય હતું. જાપાને (1931) મંચુરિયા પર આક્રમણ કરી તેનો પરચો આપ્યો હતો. જાપાનને આ યુદ્ધમાં આગળ વધવા માટે અમેરિકા એક જ નડતું હતું.
- આથી તેણે અમેરિકાના નોકામથક અને હવાઈ ટાપ પર્લ હાર્બર પર બોમ્બમારો કર્યો (7) ડિસેમ્બર 1941)૦ જેમાં અમેરિકાના 2000 કરતાં પણ વધારે અફસરો તથા સૈનિકો અને અનેક નાનામોટા યુદ્ધજહાજો નાશ પામ્યા. આથી અમેરિકાએ જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું. ઇંગ્લેન્ડ, નેધરલેન્ડ, ઓસ્ટ્રિયા, ન્યૂઝીલેન્ડ, કેનેડાએ પણ જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું.
- સામે પક્ષે જાપાનનાં મિત્ર જર્મની, ઇટાલી અને રૂમાનિયા વગેરેએ અમેરિકા સામે યુદ્ધ જાહેર કર્યું. બીજા વિશ્વયુદ્ધ સમયે પૂર્વીય મોરચા તરફ મિત્રસેનાએ ભારતની સરહદ પરના મણિપુર, કોહિમા, ઈમફાલ અને અગ્નિ એશિયાના દેશો ફિલિપાઈન્સ, બમાં, ઇન્ડોનેશિયો વગેરે મિત્રરાષ્ટ્રોની સેનાઓએ જાપાન પાસેથી કબજે કર્યો.
- મિત્રરાષ્ટ્રોએ જાપાનને યુદ્ધ બંધ કરવા છેલ્લી અપીલ કરી, જાપાને અપીલનો કોઈ જવાબ ન આપ્યો. મિત્રરાષ્ટ્રોને રેખાખરી પગલું ભર્યું અને જાપાન ના નગર હીરોશીમા પર અમેરિકન વિમાને અણુબોમ્બ ફેકયો. બીજો અણુબોમ્બ જાપાનના નાગાસાકી શહેર માં ફેંકવામાં આવ્યો. નાગાસાકી શહેર નો પૂર્ણતઃ નાશ થયો , 50 હજાર માણસો તતકાલ મૃત્યુ પામ્યા. તેથી જાપાની સરકારે શરણાગતિ સ્વીકારી.

4. દ્રીતીય વિશ્વયુદ્ધનાં પરિણામો.

- દ્વીતિય વિશ્વયુદ્ધના અને વિશ્વને પ્રાપ્ત થયેલા સારા નરસા પરિણામો પૈકી નીચેના પરિણામો મુખ્ય છે.

  1) આર્થિક પરિણામો : દ્વિતિય વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર તમામ રાષ્ટ્રોને પુષ્કળ ખર્ચ થયો તથા કીમતી સંપત્તિનો નાશ થયો, આમ, તે દેશોનું અર્થતંત્ર છિન્નભિન્ન થતાં પ્રજા આર્થિક પાયમાલીનો ભોગ બની. વિશ્વના રાષ્ટ્રોએ યુદ્ધ માં ઉપયોગી શત્રસામગ્રીના ઉત્પાદનનું મહત્ત્વ આપ્યું તેથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની અછત ઊભી થઈ. ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતાં લોકોને રોજીરોટીની તકલીફ પડી. આમ જરૂરી ચીજવસ્તુઓની અછતને લીધે લોકોનું આર્થિક જીવનધોરણ અસ્તવ્યસ્ત થયું. જેને લીધે વિશ્વના રાષ્ટ્રો મંદીમાં ધકેલાઈ ગયા.

  (2) ચીનમાં સામ્યવાદની સ્થાપના : 1917માં રશિયા બોલ્સેવિક ક્રાંતિએ સામ્યવાદી ધોરણે ઝડપી આર્થિક વિકાસ સાધી પ્રગતિ હાંસલ કરી તેને લીધે ચીન પ્રભાવિત બન્યું. જાપાનનો ચીન પરનો પ્રભાવ ઓસરી જતાં

ઈ.સ. 1949માં ચીનનાં માઓત્સતુંગના નેતૃત્વ હેઠળ ચીનમાં થયેલ ક્રાંતિને અંતે સામ્યવાદી શાસનની સ્થાપના થઈ.

(3) ઠંડા યુદ્ધનો જન્મ : બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વ લોકશાહી દેશ અમેરિકા અને સામ્યવાદી દેશ રશિયા એમ બંને મહાસત્તાઓ ધરાવતા પરસ્પર વિરોધી જૂથોમાં વહેંચાઈ ગયા. એકબીજાના મતનું ખંડન અને પોતાના મતનું સમર્થન માટેની પરસ્પર વિચારસરણી ખેંચતાણમાંથી જે વિચારયુદ્ધો કે વાક્યુદ્ધો થતાં જે શરા વગરની સ્થિતિ પેદા થઈ તે પરિબળ 'ઠંડુ યુદ્ધ તરીકે ઓળખાયું.